# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા "ઉનાળુ પાકો અને પ્રાકૃતિક કૃષિમાં પાક પરિસંવાદ" વિષય ઉપર ખેડૂત શિબિર યોજાઈ

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા કેન્દ્ર હસ્તક ચાલતી "મોડલ વેલ્યુ ચેઈન ડેવલોપમેન્ટ ફોર આઈ. એફ. એસ." યોજના (બ. સ. ૨૦૨૫-૦૨) તથા "આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર" યોજના (બ.સ. ૧૨૯૭૭) ના સંયુક્ત ઉપક્રમે **ઉનાળુ પાકો અને પ્રાકૃતિક કૃષિમાં પાક પરિસંવાદ** વિષય ઉપર **તા. ૨૩/૦૨/૨૦૨૬** ના સોમવારના રોજ આંબલી ગામ ખાતે એક દિવસીય ખેડૂત શિબિર યોજાઈ.

આ એક દિવસીય ખેડૂત શિબિરમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ.એસ. એસ. થોરાત** દ્વારા ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રની વિવિધ સંશોધનઅને વિસ્તરણની પ્રવૃત્તિઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા ત્યારબાદ ઉનાળુ મગ અને અડદ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. **ડૉ. હીતિક્ષા. કે. પરમાર** દ્વારા ઉનાળુ પાકોની સુધારેલી જાતો વિશે માહિતી આપી, **શ્રી દશરથ રાઠોડ, વિસ્તરણ અધિકારી** દ્વારા ગુજરાત સરકાર દ્વારા ચાલતી ખેડૂતલક્ષી યોજનાઓની માહિતી, **ડૉ. બી. જે. સંગાડા** દ્વારા પ્રાયોગિક રુપે પ્રાકૃતિક આયામો વિશેની સમજણ, **ડૉ.સી. જે. પટેલ** દ્વારા ઉનાળુ મગ અડદમાં ખાતર અને નીંદણ વ્યવસ્થાપન, **શ્રીમતી. સપના. એસ. મુનિયા** દ્વારા મોડલ વેલ્યુ ચેઈન ડેવલોપમેન્ટ ફોર આઈ. એફ. એસ. યોજના વિશે માર્ગદર્શન, **શ્રી વી. જે. મોરી** દ્વારા પ્રગતિશીલ ખેડૂતના ખેતરની મુલાકાત કરાવી. આ એક દિવસીય ખેડૂત શિબિરમાં **ગરબાડા તાલુકા**ના આંબલી અને વડવા ગામનાં કુલ **300** જેટલા ખેડૂત ભાઈઓ- બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. આ સમગ્ર ખેડૂત શિબિરનું સંકલન **શ્રી વી. જે. મોરી** તથા **શ્રી આઈ. સી. ગોહિલ** દ્વારા કરવામાં આવેલ.








